**JUDGEMENT RCS 92/2023**

| | |
|---|---|
| રાજુ તારીખ | ૧૦/૦૮/૨૦૨૩ |
| રજિસ્ટર તારીખ | ૧૦/૦૮/૨૦૨૩ |
| નિર્ણય તારીખ | ૦૫/૦૫/૨૦૨૬ |
| | YY-MM-DD |
| નિર્ણય સમય | ૦૨-૦૮-૨૬ |

=====================================================

**ખંભાળિયા મહે. એડિશનલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**

**મુકામ.ખંભાળિયા, જિલ્લા- દેવભૂમિ દ્વારકા**

=====================================================

રેગ્યુલર દીવાની મુકદ્દમા નં. ૯૨/૨૦૨૩

આંક : ૫૮

**વાદી :-**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ (PGVCL)
શ્રુ, નાયબ, ઈજનેરશ્રી, ગ્રામ્ય સબ ડીવીઝન,
મુ. ખંભાલીયા, જી. દેવભૂમી દ્વારકા.

વિરૂદ્ધ

**પ્રતિવાદી:-**

ટીમણીયા નીલેશભાઇ મોહનભાઇ,
ઉ.વ.પુખ્ત, રહે. શાંતી નીકેતન, હરીજન વાસ,
મુ.તા. ખંભાળીયા જી. દેવભૂમિ દ્વારકા.

**<u>બાબત:</u> દાવો લેણી રકમ રૂા.૨,૫૧,૬૮૩.૬૦/- પૈસા વસુલ મળવા અંગેનો.**

==================================================

વાદી તરફે વિદ્વાન વકીલ શ્રી :- એન.જી.નકુમ

પ્રતિવાદી તરફે વિદ્વાન વકીલ શ્રી :- બી.આર.કોટેચા

==================================================

-: ચુકાદો :-

દાવાની હકીકતઃ-

(૧) દાવાની હકીકત જોતા, આ કામના વાદી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ એ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ અને ગુજરાત ઈલેકટ્રીક સીટી ઈન્ડસ્ટ્રીઝ એકટ - ૨૦૦૩ તળે કાયદાથી રચાયેલી સંસ્થા છે જેની પેટા કચેરી ખંભાલીયા તાલુકાના ખંભાલીયા મુકામે આવેલ છે. આ દાવામાં સહી, એકરાર કરનાર વાદી સંસ્થાની સદર પેટા કચેરીના નાયબ ઈજનેર અને હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ છે. જેથી આ હકીકતે હાલના વાદીને દાવો લાવવા હકક, અધિકાર પ્રાપ્ત થયેલ છે. વાદી કંપની વપરાશ યુનિટ ચાર્જીસ લઈને ગ્રાહકોને વીજ પુરવઠો પુરો પાડવાનો, વહેંચવાનો અને વિજ જોડાણ આપીને વીજળી આપવાનું તેમજ વીજળી અંગેની સેવાઓ આપવાનું કામકાજ કરે છે. આ કામના પ્રતિવાદી ખંભાલીયા તાલુકાના ખંભાલીયા ગામે રહે છે. અને ખંભાલીયા ગામ ટાઉન સબ-ડીવીઝનની અંદર આવે છે. તેમજ પ્રતિવાદી વાદી બોર્ડના ગ્રાહક નથી. ગઈ તા. ૧૩/૮/૨૦૨૧ ના રોજ પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓ ધ્વારા ખંભાલીયા તાલુકાના ખંભાલીયા ગામે શાંતિ નીકેતન, હરીજન વાસમાં રહેણાંક વિસ્તારમાં વિજ ચેકીંગ હાથ ધરતાં પ્રતિવાદીએ તેમનાં પહેલા માળે રહેણાંક મકાનની બાજુમાંથી પસાર થતી હળવા દબાણની પી.જી.વી.સી.એલ.ની વિજ પોલની લાઈનમાંથી પીળા કલરના ટવીનકોર વાયર ધ્વારા બીન અધિકૃત રીતે પ્રતિવાદી તેમના ઘરમાં વિજ વપરાશ કરતાં પ્રતિવાદીની હાજરીમાં વાદી સંસ્થાના અધિકારીઓએ નિયમો મુજબની જરૂરી કાર્યવાહી જેમાં સ્થળ ઉપર તપાસણી અહેવાલ જેના નં. ૨૧૨૩૮ તથા રોજકામ અને રફસ્કેચ પ્રતિવાદીની હાજરીમાં કરવામાં આવેલ. અને ૨૦ મીટર પીળા રંગનો સર્વિસ વાયર કબજે કરવામાં

આવેલ એ રીતે પ્રતિવાદી ગેરકાયદેસર રીતે તપાસણી અહેવાલ તથા રોજકામમાં જણાવેલ વિગતે વિજ ચોરી કરતા પકડાતા જેથી પ્રતિવાદીને વાદી સંસ્થા તરફથી રૂા. ૧૮૪૯૯૪-૯૬ પૈસા પુરાનું ઓગષ્ટ-૨૦૨૧ થી જુલાઈ સાથેનું પુરવણી બીલ આપવામાં આવેલ છે. તેમજ પ્રતિવાદી વિરુધ્ધ જી.યુ.વી.એન.એલ. ૨૦૨૩ સુધીનું વિજ ચોરીનું કમ્પાઉન્ડીંગ ચાર્જ જામનગર પોલીસ સ્ટેશન જામનગર, ગુના રજી.નં. ૭૫૦/૨૦૨૧ થી ધોરણસરની લેખીત ફરીયાદ નાયબ ઈજનેરશ્રીએ આપેલ છે. તેમજ પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે વિજ વપરાશ કરેલ તેનું પુરવણી બીલ તા. ૧૩/૮/૨૦૨૧ ના રોજ પ્રતિવાદીને મોકલવામાં આવેલ. જે બીલ પ્રતિવાદીએ ન ભરતાં પ્રતિવાદીને વાદી સંસ્થા તરફથી વિજ બીલના બાકી નીકળતા પૈસા ભરી જવા તા. ૧૩/૮/૨૦૨૧ ના રોજ લીગલ નોટીસ આપેલ. જે પ્રતિવાદીને મળી ગયેલ છે તેમ છતાં આજ દિવસ સુધી પ્રતિવાદીએ પુરવણી બીલ સબંધની કોઈ જ રકમ વાદી સંસ્થાને ચુકવેલ નથી. વાદી સંસ્થા કાયદા મુજબ લેઝર (બુક્સ ઓફ એકાઉન્ટ) માં વ્યવસાયનાં ક્રમમાં નિયુકત કરેલ હિસાબી કામકાજનાં નિષ્ણાંતો ધ્વારા નિયમીત રીતે લેણાંના હિસાબો વ્યવસાયીક ક્રમમાં મેઈન્ટેઈન થતાં હિસાબી ચોપડામાં રાખે છે સદરહુ હિસાબી ચોપડામાં પ્રતિવાદી પાસેથી આ દાવામાં દર્શાવ્યા મુજબની વાદી સંસ્થાની લેણી રકમ બાકી નીકળે છે. જે વસુલ કરવા વાદી સંસ્થા કાયદેસર રીતે હકકદાર થયેલ છે જયારે પ્રતિવાદી આ રકમ વસુલ આપવા કાયદા મુજબ જવાબદાર તથા ફરજબધ્ધ થયેલ છે. મજકુર રકમ વાદી સંસ્થાની પ્રતિવાદી પાસેની કાયદેસરની બાકી લેણી રકમ છે જે અંગે વાદી સંસ્થાએ પ્રતિવાદીને નોટીસ પણ આપેલ છે તેમ છતાં પ્રતિવાદીએ મજકુર રકમ વાદી સંસ્થાને આજ દિવસ સુધી ચુકવેલ નથી અને બેદરકારી તેમજ ઉપેક્ષાવૃતિ દાખવેલ છે. આ કામે વાદી સંસ્થાનાં પ્રતિવાદી પાસે બાકી રૂ.૧૮૪૯૯૪-૯૬ પૈસા પુરવણી બીલ તથા કન્ઝપ્શન ચાર્જ મુજબની રકમ તથા રૂ.૦૬૬૬૮૮-૬૪ પૈસા વિલંબીત ચાર્જની રકમ જુલાઈ-૨૦૨૩ સુધીની કુલ મળીને રૂા.૨૫૧૬૮૩-૬૦ પૈસા અંકે રૂપીયા બે લાખ એકાવન હજાર છસો ત્યાંસી અને સાંઈઠ પૈસા

થાય છે. વાસ્તે આ દાવો લાવી દાદ માંગે છે કે, **(અ)** આ દાવા અરજી પેરા - ૫ માં જણાવ્યા મુજબની પ્રતિવાદી પાસેથી બાકી લેણી રકમ રૂા. ૨૫૧૬૮૩-૬૦ અંકે રૂપીયા બે લાખ એકાવન હજાર છસો ત્યાંસી અને સાંઈઠ પૈસા પુરા પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા તથા **(બ)** આ દાવાની તારીખથી મજકુર રકમ પ્રતિવાદી પાસેથી વસુલ ન થાય ત્યાં સુધી આ દાવાની રકમ ઉપર વિલંબીત **(ડીલે પેમેન્ટ)** ચાર્જ તરીકે વાર્ષિક ૧૮**%** લેખે વ્યાજ અપાવવા, તથા **(સી)** દાવાના ગુણદોષ તથા પડેલ પુરાવાના આધારે તથા કાયદો શુધ્ધ ન્યાય અને ઈકવીટીના ધોરણે બીજી જે જે દાદો આપી કે અપાવી શકાય તે તમામ વાદીને અપાવવા, તથા. **(ડી)** આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા. **(ઈ)** આ દાવાનો ફેસલો તથા હુકમનામું અમો વાદીની તરફેણમાં તથા પ્રતિવાદી વિરૂધ્ધ કરી આપવા નમ્ર અરજ કરેલ છે.

<u>પ્રતિવાદી તરફે જવાબ :</u>

(૨.) આ કામના પ્રતીવાદીને દાવાના સમન્સની આંક-૦૫ થી ધોરણસર બજવણી થતા તેઅ◌ો કોર્ટ સમક્ષ હાજર થયેલ છે જેમા પ્રતીવાદીઅ◌ે વાદીના દાવા અરજીનો લેખીત જવાબ આંક-૧૧ થી રજુ કરેલ છે. જેમા તેઅ◌ો મહદઅંશે દાવાની હકીકતનો ઇન્કાર રે છે. વધુમાં, આ દાવા જવાબમાં તેઓ જણાવે છે કે,હાલના પ્રતીવાદીને મહે.સ્પેશીયલ સેસન્સ જજ સાહેબ ધ્વારા તા.૨૮/૪/૨૦૩ ના નિદોર્ષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે તેમજ જામનગર જયુવીએન એલ પોસ્ટએ સેકન્ડ ગુના રજી.નં.૧૨૫૯/૨૦૨૦ ના કામમાં પણ સ્પેશીયલ સેસન્સ જજ ધ્વારા તા.૨/૫/૨૦૨૨ ના રોજ નીદોર્ષ કરાવી છોડી મુકવામાં આવે છે જેના ચુકદાવાઓની ખરી નકલ દાવા જવાબ સાથે રજુ રાખેલ છે. વાદી કંપની કુલ રૂા.૨૫૧૬૮૩-૬૦ પૈસા ની કોઈ કહેવાતી લેણી રકમ પ્રતીવાદી પાસે વાદી વસુલ કરવા હકકદાર નથી.

<u>વાદી તથા પ્રતિવાદી તરફે મૌખીક તથા દસ્તાવેજી પુરાવો :-</u>

(૩.) સદર કામે વાદી તરફે દાવાના સમર્થનમાં નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરાવામાં આવેલ છે.

**વાદી તરફે મૌખીક પુરાવો:-**

| અનુ. ક્રમ નં | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદી તરફે સાહેદ પ્રીયાંકભાઈ વી. પંડયાના પુરાવાનુ સોગંદનામું | ૧૪ |
| ૨ | વાદી તરફે સાહેદ મેહુલકુમાર રસીકભાઈ પટેલનું પુરાવાનું સોગંદનામું | ૩૯ |
| ૩ | વાદી તરફે સાહેદ સાજીદખાન યાસીનખાન પઠાણનું પુરાવાનું સોગંદનામું | ૪૨ |

**વાદી તરફે દસ્તાવેજી પુરાવો:-**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | દાવો દાખલ કરવાની એપ્રુવલ | ૧૭ |
| ૨ | દાવાની રકમ દર્શાવતું પત્રક | ૧૮ |
| ૩ | દાવાની બ્રીફનોટ | ૧૯ |
| ૪ | પર્ફોમા નં. ૧૨ | ૨૦ |
| ૫ | ચેકીંગ રીપોર્ટ | ૨૧ |
| ૬ | સ્થળ પરનું રોજકામ | ૨૨ |
| ૭ | એનેક્ષર-૪ | ૨૩ |
| ૮ | માલ સામાન જેના ગેટ પાસ નં. ૨૯૬ | ૨૪ |
| ૯ | ડી.પી.સી. ગણ તરી પત્રક | ૨૫ |

| | | |
|---|---|---|
| ૧૦ | વ્યાજનું ગણ તરી પત્રક | ૨૬ |
| ૧૧ | પ્રતિવાદીને મોકલેલ પુરવણી બીલ | ૨૭ |
| ૧૨ | પ્રતિવાદીને મોકલેલ લીગલ નોટીસ | ૨૮ |
| ૧૩ | પ્રતિવાદીને બીલ/નોટીશ મળ્યા અંગેની પોસ્ટ ખાતાની સ્લીપ | ૨૯ |
| ૧૪ | પ્રતિવાદીને મોકલેલ સપ્લીમેન્ટરી બીલ | ૩૦ |
| ૧૫ | પ્રતિવાદીને મોકલેલ કમ્પાઉન્ડીંગ ચાર્જીગનું બીલ | ૩૧ |
| ૧૬ | એનેક્ષર-સી | ૩૨ |
| ૧૭ | પ્રતિવાદી વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધવા કરેલ અરજી | ૩૩ |
| ૧૮ | પ્રતિવાદી વિરૂધ્ધ નોંધાયેલ એફ.આઈ.આર નં .૭૫૦/૨૧ | ૩૪ |
| ૧૯ | કલમ-૬૫ બી મુજબનું સર્ટિફિકેટ | ૩૫ |
| ૨૦ | પ્રતિવાદીના આધાર કાર્ડની નકલ | ૩૬ |

(૪) સદર કામે પ્રતિવાદી તરફે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**પ્રતિવાદી તરફે મોખિક પુરાવો:-**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદીના પુરાવાનુ સોગંદનામું | ૪૫ |

**પ્રતિવાદી તરફે દસ્તાવેજી પુરાવો:- નથી**

(૫.)સદરહુ દાના ન્યાયીક નિર્ણય સારૂ આંક-૦૯ નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે

## : ISSUES:

1. Whether the plaintiff proves that the defendant has committed theft of Electricity as alleged?
2. Whether the plaintiff proves that Rs.2,51,683.60 is due from the defendant towards electricity charges ?
3. Whether the plaintiff is entitled to get interest from the defendant ? If yes, at what percentage ?
4. Whether the suit of the plaintiff is barred by any law for the time being in force?
5. Whether the plaintiff is entitled to get relief as claimed for in the suit?
6. What Order and decree?

(૬.) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે આ અદાલતના ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

## -નિર્ણયો-

(૧) હકારમાં,

(૨) હકારમાં,

(૩) અંશત: હકારમાં,

(૪) નકારમાં ,

(૫) હકારમાં,

(૬) આખરી હુકમ મુજબ.

**<u>કારણો:-</u>**

(૭.) ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચેના કારણોસર નીચે મુજબ છે :-

(૭.૧.) આ અદાલતને રેકોર્ડ ઉપરની હકીકતોનું મુલ્યાંકન કરતી વખતે સૌપ્રથમ "સાબિતીનો બોજો" અંગે, ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ તથા ૧૦૨ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

**Section 101. Burden of proof.**

Whoever desires any court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

**Section 102. On whom the burden of proof lies.**

The burden of proof in a suit or proceeding lies on that person who would fail if no evidence at all were given on either side.

આમ, ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ તથા ૧૦૨ ની જોગવાઈ ધ્યાને લેતાં, એ હકીકત સ્પષ્ટ થાય છે કે, જો કોઈ પક્ષકાર એમ ઈચ્છતા હોય કે, પોતે પ્રતિપાદિત કરે છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ ન્યાયાલય કોઈ કાયદેસરના હક્ક કે જવાબદારી વિશે કોઈ ફેંસલો આપે તો તેણે તે હકીકત, અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવુ પડે અને તેવી હકીકતો સાબિત કરવાનો બોજો તે વ્યક્તિ ઉપર રહે છે. વધુમાં, ઉપરોક્ત કલમ-૧૦૨ ની જોગવાઈ ઉપરથી એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, કેસમાં કોઈ પણ પક્ષે કશો જ પુરાવો આપવામાં ન આવ્યો હોય તો, જે વ્યક્તિ નિષ્ફળ જાય તેમ હોય, તેના ઉપર દાવા અથવા કાર્યવાહીમાં સાબિતીનો બોજો રહે છે. વધુમાં, એ હકીકત પણ સ્પષ્ટ થાય છે

કે, બે માંથી કોઈ પક્ષ તરફથી કોઈ પુરાવો આપવામાં ન આવે તો, દાવામાંના બંને પક્ષકારો તેમના પ્લીડીંગ્સ મુજબની હકીકત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલા છે.

આ તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટના Patel Ramanbhai Mathurbhai Versus Govindbhai Chhotabhai Patel 2018 (0) AIJEL-HC 239467 ચુકાદા ધ્યાને લેવો જરૂરી છે. જેમાં, ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ તથા ૧૦૨ ની વિગતવારની ચર્ચા કરી પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, જે કોઈ વ્યક્તિ ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદન કરે તે "હકીકત" સાબિત કરવાની જવાબદારી તે વ્યક્તિ પર છે. જેના પેરા -૪૧, ૫૬ ધ્યાને લેવા જરૂરી છે.

Para 41. It is one of the fundamental principles of the law of evidence in India that a party on whom burden of proof lies must discharge it by bringing the best evidence available before the Court and where a party does not do so, the Court will be justified in concluding that it would, if brought, not support the case of the party. There is no presumption that an act was done, of which there is no evidence, and the proof of which is essential to the case raised.

Para 56. The principles discernible from the above referred decisions may be summarised as under:

[a] The general principles of law that can be gainfully culled out from the judicial pronouncements noted above is that the burden of proof cast under Sections 101 and 102 of the Indian Evidence Act, 1872 is the persuasive burden or the onus probandi. The persuasive burden to prove and establish the case always lies upon the plaintiff and the said burden never shifts upon the defendant. What may, however, shift is

the onus to lead evidence in the sense that once the plaintiff side succeeds in prima facie establishing his pleaded case by leading evidence, the onus will then shift upon the defendant side to lead evidence so as to disprove the case. The parties may also have to discharge the burden of establishing the admissibility of the evidence by leading evidence in respect thereof. The initial burden to establish the basic allegations made in the plaint constituting the foundational facts, regardless of whether such assertion is couched in the affirmative or in the negative, would undoubtedly lie upon the plaintiff and the failure to discharge the said burden must lead to the dismissal of the suit."

[b] The burden of proof on the pleadings should not be confused with the burden of adducing evidence.

[c] Pleading is not evidence, far less proof.

[d] The rule that the burden of proving the fact rests on the party who substantially asserts the affirmative issues and not the party who denies it, is not one of the universal applications and there may be exception thereto.

[e] The inference of fraud can be drawn only from the positive materials on record and cannot be based on speculation and surmises. However, the suspicious circumstances, however, strange the co-incidences and however grave the doubts, they alone cannot take place of proof of fraud.

[f] The evidence of fraud must be sufficient to overcome the natural presumption of honesty and fair dealing. It is not to be presumed or inferred lightly.

[g] When the plaintiff comes before the Court with a case of forgery, then he has to prove the forgery in accordance with law. A mere assertion or allegation of forgery is not sufficient to shift the onus on the other side to establish that there is no forgery.

[h] It is always open to the defendant not to lead any evidence where the onus is upon the plaintiff. After having gone into the evidence, he cannot ask the Court not to look at it and act on it. The question of burden of proof at the end of the case when both the parties have tendered evidence is not of any great importance and the Court has to give a decision on a consideration of all the materials

**<u>મુદ્દા નં. ૧, ૨, ૩, ૪ અને ૫:-</u>**

(૭.૨) આ કામે મુદા નં. ૧ થી ૫ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોય જેથી પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી ત્રણેય મુદાઓની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

(૭.૩) આ મુદ્દાઓને પુરવાર કરવા માટે વાદી તરફે આંક ૧૪ થી વાદીના દાવાના સમર્થનમાં તેઓના કંપનીના નાયબ એન્જીનીર પ્રિયાંકભાઈ બી. પંડયાનું સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ, જેમાં તેઓ દાવાની હકીકતોને સમર્થનકરી પુરાવો આપે છે અને તેઓના સરતપાસના સોગંદનામામાં તેઓ આંક ૧૭ થી ૩૬ વાળા રેકોર્ડના દસ્તાવેજો ને રિફર કરેલ છે અને તે લાગત જણાવે છે કે, દાવા સાથે રજુ રાખેલા તમામ દસ્તાવેજોમાં તેઓની તથા વાદી કંપનીના જવાબદારી અધિકારીશ્રીઓની સહીઓ છે જેઓને તે ઓળખી બતાવે છે. આ

સાહેદની પ્રતિવાદીના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ,જેમાં તેઓ જણાવે છે કે, "દાવો મારા મારફતે દાખલ કરવામા આવેલ છે અને દાવાથી હુ જાણકાર છુ.એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ નથી કે બનાવ અંગે મને જાત માહીતી નથી.એ વાત ખરી છે કે દાવો દાખલ કર્યા થી આજદિન સુધી બનાવના સ્થળે હુ ક્યારેય ગયેલ નથી." આ સાહેદની સરતપાસનું સોગંદનામું તથા ઉલટતપાસ જોતા જણાય છે કે,આ સાહેદ વાદી બોર્ડના જવાબદાર અધિકારી છે અને આંક ૧૭ થી ૩૬ વાળા રેકોર્ડના દસ્તાવેજો તેઓ દ્વારા વાદી બોર્ડના પ્રોપર કસ્ટડીમાંથી દાવાના કામે રજૂ કરવામાં આવેલ છે અને તેમને રેકર્ડના આધારે દાવો દાખલ કરેલ છે.

(૭.૪) ત્યારબાદ દાવાના કામે વાદી તરફે આંક ૩૯ થી વાદીના દાવાના સમર્થનમાં તેઓના કંપનીના નાયબ એન્જીનીર મેહુલકુમાર રસિકભાઈ પટેલનું સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ, જેઓએ પ્રતિવાદીના રહેણાક મકાને વીજ ચેકિંગ કરેલ હતી, જેમાં તેઓ દાવાની વીજ ચેકિંગ લગતની હકીકતોને સમર્થનકરી પુરાવો આપે છે, વધુમાં તેઓ આંક ૨૧,૨૨,૨૩ તથા ૨૪ વાળા દસ્તાવેજો લગત જણાવે છે કે, "ગઈ તા. ૧૩/૮/૨૦૨૧ ના રોજ ખંભાલીયા મુકામે ખંભાલિયા ટાઉન વિસ્તારમાં શાંતિનીકેતન હરીજન વાસમાં રહેણાંક વિસ્તારમાં ચેકીંગ હાથ ધરતાં પ્રતિવાદી વાદી સંસ્થાના ગ્રાહક ન હોવા છતાં પ્રતિવાદીએ તેમના પહેલા માળે રહેણાંક મકાનની બાજુમાંથી પસાર થતી પી.જી.વી.સી.એલ.ના વિજ લાઈનના પોલ ઉપરથી પીળા કલરના સર્વિસ વાયર ધ્વારા બીનઅધિકૃત રીતે તપાસણી અહેવાલ નં. ૨૧૨૩૮ તથા રોજકામમાં જણાવેલ વિગતે વિજ ચોરી કરતાં સ્થળ ઉપર પ્રતિવાદીની હાજરીમાં ચેકીંગ રીપોર્ટ નં. ૨૧૨૩૮ તૈયાર કરેલ તથા રોજકામ નકશા સાથેનું તથા એનેક્ષર-૪ તૈયાર કરેલ જેમાં મારી તથા મારી સાથેનાં અલ્પેશ ચંદુભાઈ વાડોલીયા – ઈલે.આસી.ની સહી છે. જે હું ઓળખુ છું અને તેમાના હસ્તાક્ષર મારા છે. વધુમાં આ કામે આંક-૨૧ થી ચેકીંગ રીપોર્ટ નં. ૨૧૨૩૮ તથા આંક-૨૨ થી સ્થળપરનું નકશા સાથેનું

રોજકામ તથા આંક-૨૩ થી થી એનેક્ષર-૪ તથા આંક-૨૪ થી માલ સામાન જમા ગેટ પાસ નં. ૨૯૬ થી રજુ કરેલ છે. જે તમામ ખરી નકલો છે. જેમાં રજુ કરેલ આંક-૨૧,૨૨ તથા ૨૩ વાળા દસ્તાવેજોમાં પ્રતિવાદીને સહી કરવાનું કહેતાં પ્રતિવાદીએ સહી કરેલ નથી. જેની અસલ પ્રતિવાદી વિરૂધ્ધ નોંધાયેલ પોલીસ ફરીયાદમાં રજુ કરેલ છે. તેમાં જણાવેલ તમામ વિગત તથા હકીકત ખરી છે."

દાવાના કામે વાદી તરફે આંક-૨૧ થી તપાસણી અહેવાલ તથા આંક-૨૨ થી રોજકામ રજુ કરેલ છે તે વંચાણે લેતા તા.૧૩/૦૮/૨૦૨૧ ના રોજ વાદી કંપનીના ચેકીંગ ડ્રાઈવમાં પ્રતિવાદીના રહેણાંક મકાને ચેકીગ કરવામાં આવેલ અને તે તપાસણી અહેવાલમાં પણ સ્પષ્ટપણે આંક ૩૯ ના વાદીના સાહેદના સોગંદનામામાં જણાવેલ છે તે જ હકીકત વર્ણવેલ છે.

(૭.૫) વાદી તરફે સાહેદ મેહુલકુમાર રસિકભાઈ પટેલ, નાયબ એન્જીનીરએ આંક-૩૯ થી રજુ સરતપાસના સોગંદનામામાં તપાસણી અહેવાલમાં જણાવેલ હકીકતોને સમર્થન આપે છે. સાહેદ મેહુલકુમાર રસિકભાઈ પટેલ તપાસણી વખતે ટીમમાં હાજર હતા. પ્રતિવાદી તરફે દ્વારા તેઓની ઉલટતપાસમાં સાહેદ મેહુલકુમાર રસિકભાઈ પટેલએ જણાવ્યુ છે કે "અમો ચેકીંગ કરવા ગયેલ તે સમયે અમારી સાથે ઈલેકટ્રીકલ આસીસ્ટન્ટ એ.સી.વાડોલીયા તથા અમારા ડ્રાઈવર સાથે હતા. કેટલા વાગ્યે અમો વીજ ચેકીંગમા ગયા તેનો સમય મને હાલ યાદ નથી. ચેકીંગ શીટમા મારા હસ્તાક્ષરમાં લખેલ છે. જે-તે સમયે મે ચેકીંગ શીટ, રોજકામ, માલ-સામાન કબ્જે લીધેલ હોય તેનુ એનેક્ષર-૪, ગેઈટ પાસ તથા વીજ ચોરીના સ્થળ પરના ફોટોગ્રાફ તથા વીડીયોગ્રાફીની સી.ડી. અમોએ નાઈબ ઈજનેર પઠાણ સાહેબને આપેલી. એ વાત ખરી છે કે, અમો વીજ ચેકીંગમા જે વાહનમા ગયેલ તેની લોગબુકની નકલ નાઈબ ઈજનેરને આપેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે ચેકીંગ શીટ નં.૨૧૨૩૮ માં અમારા પી.જી.વી.સી.એલ. કચેરીના કોઈ રાઉન્ડ સીલ તેમજ અમો

જુનીયર એન્જીનીયર અને એ.સી.વાડોલીયા ઈલે.આસીસ્ટન્ટનો હોદો ધરવાતા હોવાના સીકકા ચેકીંગ શીટમા નથી. એ વાત ખરી છે કે, પ્રતિવાદી કયા નંબરના પોલ ઉપરથી વીજ ચોરી કરતા હતા તે ચેકીંગ રીપોર્ટમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મકાનના ઉપરનો પહેલા માળનો ભાગ પ્રતિવાદીની માલીકીનો હોવાનો કોઈ આધાર મે આજદીન સુધી રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, ચેકીંગશીટની જેમ જ સ્થળ પરના રોજકામમા તેમજ સ્થળ પરના રફ નકશામા અમો જુનીયર એન્જીનીયર અને એ.સી.વાડોલીયા ઈલે.આસીસ્ટન્ટનો હોદો ધરવાતા હોવાના સીકકા નથી. એ વાત ખરી છે કે, આ કામે અમોએ જે ફોટા રજુ કરેલ છે તેના અસલ ફોટોગ્રાફ રજુ કેરલ નથી. એ વાત ખરી છે કે, મે જે ચેકીંગ રીપોર્ટમા ૨૦ મીટરનો પીળા કલરનો વાયર કબ્જે કર્યાનુ જણાવેલ તેવો વાયર મુકત બજારમાં સહેલાઈથી મળે છે."

(૭.૬) દાવાના કામે રજૂ રાખેલ દસ્તાવેજોમાંથી આંક-૨૧ થી રજુ તપાસણી અહેવાલમાં તથા તથા આંક ૨૨ વાળા સ્થળ રોજકામમાં તથા આંક ૨૩ વાળા એનએક્સ્ચોર ૪ માં સ્પષ્ટ નોંધ કરવામાં આવી છે કે હાજર વ્યકિત જે પ્રતિવાદીના હતા તેઓએ આ દસ્તાવેજોમાં સહી કરવાનું ઇનકાર કરેલ અને સહી કરેલી નથી. આમ, તપાસણી અહેવાલમાં પ્રતિવાદીની સહી ન હોય તે માત્રથી સત્તાવાર સાક્ષીની જુબાનીના વિશ્વસનિયતા પર પ્રશ્ન ઊભો કરતું નથી, અને માત્ર આના અભાવે પ્રતિવાદીને તેનો લાભ મળી શકે નહિ અને અહેવાલ ખોટો કે ઉપજાવી કાઢેલો છે તેવુ અનુમાન થઇ શકે નહી તેવુ અત્રેની અદાલતનુ માનવુ છે, ખાસ કરીને જ્યારે તેને રોજકામ અને જમી મેમો જેવા સમકાલીન દસ્તાવેજી રેકોર્ડ દ્વારા સમર્થન આપવામાં આવે છે.

(૭.૭) આમ, જ્યારે પ્રતિવાદી તરફે મેહુલકુમાર રસિકભાઈ પટેલ ચેકિંગ અધિકારીની ઉલટતપાસમા તેના સરતપાસની હકીકતને ખંડન કરે તેવી હકીકત લાવી શકેલ નથી. જેથી તેનુ ઉલટતપાસમાં કયાંય ખંડન થતુ નથી. આ કામે ફોજદારી કેસોમાં સાબિતીના

ધોરણો ધ્યાનમાં લેવામાં આવે છે તે મુજબ બિયોન્ડ રિઝનેબલ ડાઉટની નીતીએ વાદીએ પોતાના દાવાની હકીકત પુરવાર કરવાની રહેતી નથી, પરંતુ પ્રિપોન્ડરન્સ ઓફ પોસિબિલિટીના સાબિતીના ધોરણે દાવાની હકીકતો સાબિત કરવાની રહે છે. આ કામે વાદી સાહેદ ધ્વારા જે કોઈ હકીકતો સોગંદ ઉપર જણાવવામાં આવેલી છે તે ઈરાદાપૂર્વક ખોટી જણાવેલી હોવાનું અથવા તો પ્રતિવાદીઓ સાથે થયેલા કોઈ અણબનાવને કારણે ખોટી હકીકતોવાળો દાવો કરેલ હોવાની હકીકત અદાલતના રેકર્ડ ઉપર આવતી ન હોય ત્યારે તેવી જુબાનીથી અદાલતના રેકર્ડ ઉપર આવેલી હકીકતોને માનવાનો ઈનકાર કરવો યોગ્ય, વાજબી કે ન્યાયોચિત નથી. સંભાવનાઓના સંતુલનને ધ્યાનમાં લેતા, દસ્તાવેજી પુરાવાથી પ્રતિવાદીએ અનધિકૃત વીજળી વપરાશ કરેલ હોય અને તે અનધિકૃત વીજળી વપરાશ માટેર રૂ.૧,૮૮,૯૯૪.૯૬ /-પૈસા ની આકારણી કરેલ રકમને પૂરતા પ્રમાણમાં દસ્તાવેજોથી સ્થાપિત કરે છે. દસ્તાવેજો અને ચેકિંગ અધિકારીના પુરાવાઓને એકસાથે લઈને, એવી શક્યતાઓ પ્રબળ બને છે કે પ્રતિવાદીના પરિસરમાં અનધિકૃત વપરાશ જોવા મળ્યો હતો અને પરિણામે મુદ્દામાલ વાયર સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. આથી આંક-૨૧ થી ૨૪ થી રજુ તપાસણી અહેવાલ તથા તે અંગેના દસ્તાવેજો જે સ્થળ પર તૈયાર કરેલ હતા તેને ના માનવા માટે કોઇ કારણ રેહતો નથી.

(૭.૮) દાવાના કામે વાદી તરફે આંક ૪૨ થી વાદીના દાવાના સમર્થનમાં તેઓના કંપનીના નાયબ એન્જીનીર સાજીદખાન યાસીનખાન પઠાણનું સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ, જેઓએ જોએ વાદી તરફે રજૂ આંક ૨૮,૩૦,૩૧ અને ૩૨ વાળા દસ્તાવેજો તૈયાર કરેલ છે. જેમાં તેઓ દાવાની વીજ ચેકિંગ થયા બાદની કાર્યવાહી લગત સમર્થનકરી પુરાવો આપે છે, વધુમાં તેઓ આંક ૨૮,૩૦,૩૧ અને ૩૨ વાળા દસ્તાવેજો લગત જણાવે છે કે, “આ કામના વાદીએ પ્રતિવાદી વિરૂધ્ધ હાલનો લેણી રકમ વસુલ મેળવવા માટેનો દાવો દાખલ કરેલ છે. આંક-૨૮ થી પ્રતિવાદીને મોકલેલ લીગલ નોટીસ અસલ,આંક-૩૦ થી પ્રતિવાદીને

મોકલેલ સપ્લિમેન્ટરી બીલ અસલ, આંક-૩૧ થી પ્રતિવાદીને મોકલેલ કમ્પાઉન્ડ ચાર્જનું બીલ અસલ,આંક-૩૨ થી એનેક્ષર-સી અસલ દસ્તાવેજો વાદી સંસ્થાની ઓફીસમાં અમોએ હોદાની રૂએ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં હોદાની રૂએ મારી સહી છે. આંક-૩૩ થી અમોએ પ્રતિવાદી વિરૂધ્ધ ફરીયાદ નોંધવા કરેલ અરજીની ઓફીસ કોપી છે જેમાં મારી સહી છે. આંક-૩૪ થી પ્રતિવાદી વિરૂધ્ધ નોંધાયેલ એફ.આઈ.આર.માં મારી સહી છે. જે તમામ દસ્તાવેજો ખરા અને કાયદેસરના છે તથા તેમાં જણાવેલ વિગત, હકીકત ખરી છે."જ્યારે પ્રતિવાદી તરફે મેહુલકુમાર રસિકભાઈ પટેલ ચેકિંગ અધિકારીની ઉલટતપાસમા તેના સરતપાસની હકીકતને ખંડન કરે તેવી હકીકત લાવી શકેલ નથી. જેથી તેનુ ઉલટતપાસમાં કયાંય ખંડન થતુ નથી.

(૭.૯) આ કામે વાદી કંપનીને રૂા. રૂ.૧,૮૮,૯૯૪.૯૬ /-પૈસા નું પુરવણી બીલ આપેલ છે. આ તબકકે પ્રતીવાદીના વિ.વકીલશ્રીની દલીલ છે કે, વાદી કંપનીએ ખોટી ગણતરી કરીને વીજ ચોરીની હકીકતો દર્શાવતુ ખોટું બીલ રજુ કરેલ છે તેમજ વાદી કંપનીના કોઈ અધીકારીઓ ચેકીંગમાં આવેલ ન હોય વીજ ચોરીનું બીલ ભરવા જવાબદાર ન હોવા છતા પુરવણી બીલ આપી દાવો કરેલ છે. આ કામના વાદીએ આંક-૩૨ થી પુરવણી બીલ તથા આંક-૨૦ થી પ્રફોર્મા ૧૨, આંક-૧૮ થી ગણતરી પત્રક તથા આંક ૨૫ અને ૨૬ થી ડી.પી.સી તથા વ્યાજ ગણતરી પત્રક રજૂ રાખેલ છે. આ તમામ દસ્તાવેજો અંગે આ કામના પ્રતીવાદીએ દાવા જવાબ કે પુરાવાના તબકકે કોઈ આ દસ્તાવેજો હકીકતો ખંડન કરતો મહત્વનો પુરાવો રેકર્ડ પર લાવેલ નથી કે હાલનું બીલ પ્રતીવાદી ભરવા જવાબદાર નથી તેવો કોઈ પુરાવો હાલના કામે રજુ રાખેલ નથી.

પ્રતીવાદીના વી.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, પ્રતીવાદી પર હાલના દાવાની હકીકત જેવી જ હકીકત બાબતે બે ફોજદારી કેસ થયેલા હતા, જેમા હાલના પ્રતીવાદીને નામદાર સ્પેશ્યલ કોર્ટ, ઈલેકટ્રીસીટી દેવભુમીધ્વારકાનાઓએ આ બંન્ને કેસમાં નિર્દોષ ઠરાવી, છોડી

મુકવાનો હુકમ કરવામાં આવેલ હતો. જે નામદાર સ્પેશ્યલ કોર્ટ, ઈલેકટ્રીસીટી દેવભુમીધ્વારકાના કેસની ખરીનકલ આ કામે આંક-૧૨ વાળા દ.પુ.લીસ્ટથી રજુ રાખેલ છે. આથી, નામદાર સ્પેશ્યલ કોર્ટ, ઈલેકટ્રીસીટી દેવભુમીધ્વારકા અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકેલ હોય, જેથી હાલનો દાવો ટકવાપાત્ર રહેતો નથી. આ દલીલ અંગે કાયદાનો પ્રસ્થાપીત સિધ્ધાંત છે કે, ફોજદારી કેસમાં નોંધાયેલા તારણો સીવીલ કોર્ટ માટે બંધનકર્તા નથી, કારણ કે, આ બંન્ને પ્રકારના કેસોમાં પુરાવાર કરવાનો માપદંડ અલગ અલગ છે. ફોજદારી કેસમાં શંકા ને પરે (બિયોંડ રીઝનેબલ ડાઉટ) કેસને સાબીત કરવાનો હોય છે, જયારે સીવીલ દાવામાં પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીનો સીધ્ધાંત મુજબ સાબીત કરવાનો હોય છે. આથી, પ્રતીવાદી તરફેની દલીલ કાયદા મુજબ ટકવાપાત્ર રહેતી નથી.

(૭.૧૦) પ્રતિવાદીએ વાદીના પુરાવાને રિબટલ કરવા માટે કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા નથી અને તેણે ફક્ત તેના દ્વારા રજૂ કરાયેલા આંક ૪૫ વાળા સરતપાસના સોગંદનામાં પર આધાર રાખ્યો છે. પ્રતિવાદીને વાદી તરફે ઉલટતપાસ કરવામાં આવી જેમાં પ્રતિવાદી જણાવે છે કે, “ હું શાંતીનીકેતન ગુજ્જર સુતાર જ્ઞાતિની વાડી પાસે આશરે પાંચ થી છ વર્ષથી રવ છું. જે મકાનમાં હું રહુ છુ તે મકાન કોના નામે છે તે મને ખબર નથી, મારી માતાને ખબર હશે. આ મકાનમાં કુલ પાંચ જણા રહીએ છીએ જેમાં હું, મારી પત્ની, મારી માતા અને મારા બે બાળકો રહીએ છીએ. એ વાત ખરી છે કે, આ મકાનમાં અમો ઉપરના માળે રહીએ છીએ અને નીચે બીજા કોઈ લોકો રહે છે.” વધુમાં પ્રતિવાદી એ હકીકત સ્વીકારે છે કે, પ્રતિવાદી રહે છે તે જગ્યામાં કોઈ વીજ જોડાણ આવેલ નથી પ્રતિવાદીએ આજદિન સુધી વીજ જોડાણ મેળવવા માટે કોઈ માંગણી કરેલ નથી.આ જોતા જણાય છે કે, એ હકીકતનો પ્રતિવાદી પોતાની ઊલટતપાસમાં આંક ૨૧ વાળી ચેકિંગ શીટ માં જણાવેલ સરનામે શાંતીનીકેતન ગુજ્જર સુતાર જ્ઞાતિની વાડી પાસે તેના કબજામાં આવેલ મકાનના ઉપરના મળે પ્રતિવાદી તેના પરિવાર સાથે રહે છે અને તે

જગ્યાએ કોઈ વીજ જોડાણ આવેલ નથી. વધુમાં વાદીએ પ્રતીવાદીને ત્યાં કોઈ જ વીજ ચેંકીગ કરેલ નથી અને પ્રતીવાદીએ વાદી સંસ્થાના ગ્રાહક ન હોવા છતાં પ્રતિવાદીએ તેમના પહેલા માળે રહેણાંક મકાનની બાજુમાંથી પસાર થતી પી.જી.વી.સી.એલ.ના વિજ લાઈનના પોલ ઉપરથી પીળા કલરના સર્વિસ વાયર ધ્વારા બીનઅધિકૃત રીતે કોઈ જ વીજચોરી કરેલ નથી, તેથી વીજચોરીનું બીલ ભરવા પ્રતીવાદી જવાબદાર ન હોય, ખોટી હકીકત દર્શાવી ખોટો દાવો કરેલ હોય તેવો કોઈ પુરાવો પ્રતીવાદી આ કામના વાદી કે તેના સાહેદની ઉલ્ટતપાસમાં કે પ્રતીવાદીના પુરાવામાં રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ નીવડેલ છે અને વાદીના દાવાને ખંડન કરતો કોઈ દસ્તાવેજી પુરાવો સાહેદોની જુબાની ધ્વારા રજુ રાખવામાં આવેલ નથી. આમ, વાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાનું પ્રતીવાદીએ કોઈપણ રીતે ખંડન કરેલ નથી. આથી માત્ર પ્રતીવાદીએ લીધેલ ડિનાયલ સ્વરૂપના બચાવને ઘ્યાનમાં રાખી વાદીના દાવાની હકીકતોને ન માનવાનું કોઈ કારણ રહેતું નથી. આ કામે વાદીના દાવાની સામે કોઈ સીધો અને સ્પષ્ટ બચાવ પ્રતીવાદી રજુ કરી શકેલ નથી. વાદીએ દાવામાં જણાવેલી હકીકતો સમર્થન કરતા દસ્તાવેજી પુરાવા તથા સાહેદોની જુબાની રજુ કરેલ છે જે તમામ પુરાવો નહી માનવાને કોઈ કારણ રહેતું નથી.

(૭.૧૧) આમ, પ્રતીવાદી તેઓના સાહેદની મોખીક જુબાની દ્વારા વાદીના દાવાને પ્રવર્તમાન કાયદાના કોઈ સિધ્ધાંત કે કાયદાનો પ્રત્યક્ષ કે પરોક્ષ બાદ નડે છે કે કેમ તેવો કોઈ પુરાવો પ્રતીવાદી આ કામના વાદી કે તેના સાહેદની ઉલ્ટતપાસમાં કે પ્રતીવાદીના પુરાવામાં રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ નીવડેલ છે. દાવા અરજીની હકીકત જોતા વાદીનો હાલનો દાવો ઈલેક્ટ્રિકસીટી એક્ટ તથા લિમિટેશન એક્ટની જોગવાઈઓ મુજબ સમયમર્યાદામાં દાખલ કરેલ છે અને વાદીના આ દાવાને કોઈ કાયદાનો બાદ નડતો નથી.

(૭.૧૨) ઉપરોક્ત મોખીક અને દસ્તાવેજી પુરાવાની ચર્ચા પરથી એવું જણાય છે કે, હાલના કામે વાદિપક્ષે તપાસેલ સાહેદો દ્વારા દાવા હકિકતોને સંપુર્ણ સમર્થન કરતો પુરાવો પ્રસ્તુતત કરેલ છે. જેઓ રેઇડ સમયે હાજર હતા અને જેમના દ્વારા તમામ કાર્યવાહી કરવામાં આવેલ છે તેમના દ્વારા વાદીપક્ષે રજુ કરેલા તમામ દસ્તાવેજી પુરાવાઓથી પુરવાર કરેલ છે કે, પ્રતીવાદીએ વાદી સંસ્થાના ગ્રાહક ન હોવા છતાં પ્રતિવાદીએ તેમના પહેલા માળે રહેણાંક મકાનની બાજુમાંથી પસાર થતી પી.જી.વી.સી.એલ.ના વિજ લાઈનના પોલ ઉપરથી પીળા કલરના સર્વિસ વાયર ધ્વારા બીનઅધિકૃત રીતે વિજ વપરાશ કરતા હોય, તેવી રીતે પ્રતિવાદી ગેરકાયદેસર રીતે અનધિકૃત વીજળીનો ઉપયોગ કરી રહ્યા હતો. તેથી, વાદી કંપનીના અધિકારીઓએ નિરીક્ષણ કર્યું હતું અને તેમણે આંક ૩૨ વાળું પુરવણી બિલ તૈયાર કર્યું હતું, જે પ્રતિવાદીને આપવામાં આવ્યું હતું. પરંતુ પ્રતિવાદીએ તેની પરવા કરી ન હતી અને તે ચૂકવ્યું ન હતું. નિરીક્ષણ અહેવાલમાં ઉલ્લેખ છે કે, પ્રતિવાદી ગેરકાયદેસર રીતે વીજળીનો ઉપયોગ કરી રહ્યો છે અને વીજળી ચોરી કરી રહ્યો છે. વાદી કંપનીએ ચોરી માટે પ્રતિવાદી બિલ આપ્યું હતું પરંતુ પ્રતિવાદીએ તે રકમ ચૂકવી ન હતી. વાદી કંપનીએ પ્રતિવાદીને કાનૂની નોટિસ ફટકારી હતી, પરંતુ પ્રતિવાદીએ આંક ૩૨ વાળા પુરવણી બિલની રકમ વાદી કંપનીને ચૂકવેલ નથી. આ દાવામાં વાદીએ પોતાનો કેસ સાબિત કરવા માટે આંક ૧૭ થી ૩૬ થી દસ્તાવેજો રજૂ કર્યા છે, જે જોતાં જણાય છે કે, વાદી કંપનીના આંક ૧૪,૩૯ અને ૪૨ થી તપાસવામાં આવેલ ત્રણે સાક્ષીઓના સોગંદનામામાં તે દસ્તાવેજોનો સંદર્ભ આપવામાં આવે છે અને તેની હકિકતો સાબિત થાય છે. અત્રેની અદાલતનું માનવું છે કે પ્રતિવાદી કોઈપણ પુરાવા રજૂ કરીને ઉપરોક્ત દસ્તાવેજોની સત્યતા અને સત્યતાને પડકારવામાં સક્ષમ રહેલ નથી. પ્રતિવાદીએ તેના લેખિત જવાબમાં અને તેની દલીલોમાં તે દસ્તાવેજોને પડકાર્યા છે પરંતુ વાદીના પુરાવા પર વિશ્વાસ કેમ ન કરવો જોઈએ તેવું લાવી શકેલ નથી કે, તે માટે કોઈ પુરાવા રજૂ કર્યા નથી. તેથી, તે સાબિત થાય છે કે દસ્તાવેજો

વાદી કંપનીના સત્તાવાર અધિનિયમના ભાગ રૂપે જાળવવામાં આવ્યા છે અને તૈયાર કરવામાં આવ્યા છે. તેથી, પુરાવા અધિનિયમ કલમ 114 (f) ચોક્કસપણે દાવા પર લાગુ પડશે. તેથી, તે દસ્તાવેજો સાચા અને વાસ્તવિક માનવામાં આવે છે અને પુરાવામાં સ્વીકાર્ય છે અને મૂલ્યાંકન માટે ધ્યાનમાં લઈ શકાય છે. સિવિલ કાર્યવાહીમાં પુરાવાના નિયમો મુજબ વાદી પોતાનો કેસ સાબિત કરવામાં સક્ષમ રહ્યો છે. તેથી, વાદીની કાર્યવાહીને પડકારતા પ્રતિવાદી તરફે પુરાવાના અભાવે, આ કોર્ટ દ્રઢપણે માને છે કે પ્રતિવાદીએ વાદી સંસ્થાના ગ્રાહક ન હોવા છતાં પ્રતિવાદીએ તેમના પહેલા માળે રહેણાંક મકાનની બાજુમાંથી પસાર થતી પી.જી.વી.સી.એલ.ના વિજ લાઈનના પોલ ઉપરથી પીળા કલરના સર્વિસ વાયર ધ્વારા બીનઅધિકૃત રીતે વીજચોરી કરેલ અને વાદીને વીજળી પૂરક બિનઅધિકૃત વીજ વપરાશના બિલની બાકી રકમ ચૂકવી નથી. આમ, મૌખિક પુરાવા અને દસ્તાવેજી પુરાવાના આધારે, વાદી સાબિત કરવામાં સફળ થયો કે દાવો દાખલ કરવાની તારીખે પ્રતિવાદી પાસેથી રૂ.૩,૪૭,૮૩૦.૮૫/-પૈસા બાકી છે. તેથી વાદીના રજૂ કરાયેલા દસ્તાવેજો અને સોગંદનામા પરથી એવું લાગે છે કે, પ્રતિવાદીએ વાદી કંપનીની વીજળીનો બિનઅધિકૃત વીજ વપરાશ કર્યો છે અને વાદી બાકી રકમ વસૂલવાનો હકદાર છે, તેથી વાદી દાવાની રકમ વસૂલવાનો હકદાર છે.

**<u>વ્યાજ આંગીની ચર્ચા :</u>**

(૭.૧૩) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીઓએ પ્રતિવાદી વિરૂધ્ધનો તેમનો દાવો પુરવાર કરેલ હોવાનુ અત્રેની અદાલતનુ માનવુ છે. જેથી વાદી કંપની તરફથી પ્રતિવાદી વિરુધ્ધ દાવો દાખલ કરી, દાવા મુજબની દાદ માગવામાં આવેલ છે, જે અનુસંધાને ઉપરોકત કરેલ મુદ્દાઓની ચર્ચા તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં જણાઈ આવે છે કે, વાદી કંપની તરફથી તેમની દાદ મુજબ રૂ.૨,૫૧,૬૮૩.૬૦/-પૈસા ઉપર ૧૮% વ્યાજની માગણી કરેલ

પરંતુ આ મુજબનું વ્યાજ વાદી કંપની મેળવવા હકકદાર છે કે કેમ તે અંગે જોઈએ તો વાદી કંપની એક સ્વાયત્ત કંપની છે અને પોતાનો વહીવટ નાણાથી ચાલે છે અને પ્રતિવાદીએ વાદીની લેણી રકમ કોઈપણ જાતના કારણ વગર રોકી રાખેલ છે અને રોકી રાખવા માટેનું કોઈ વ્યાજબી કારણ રજુ કરવામાં આવેલ નથી ત્યારે વાદી કંપની પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા માટે હકકદાર હોવાનું અતેની અદાલતનું માનવુ છે. આથી હાલના મોધવારીના દર અને વ્યાજના દર ધ્યાનમાં લેતાં અને વાદી કંપની ધ્વારા જે વ્યાજની માગણી કરવામાં આવેલ છે તે અંગેનો કોઈ આધાર પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે કોઈ લેખિત કરાર રજુ કરવામાં આવેલ ન હોવાથી સિવિલ પ્રોસિજર કોડની કલમ ૩૪ ને ધ્યાનમાં લેતા, બાકી રકમ પર ૬% વ્યાજ મંજૂર કરવું કાયદેસર રીતે વાજબી અને યોગ્ય રહેશે, તેથી, ઉપરોક્ત ચર્ચાને ધ્યાનમાં રાખીને, વાદી દાવો દાખલ કર્યાની તારીખથી વસૂલાત સુધી પ્રતિવાદી પાસેથી વીજળી ચોરીની રકમના બિલ અને અન્ય ચાર્જ રૂ.૨,૫૧,૬૮૩.૬૦/- વાર્ષિક ૬% વ્યાજ સાથે વસૂલવા માટે હકદાર છે.

આથી ઉપરોક્ત કરેલ ચર્ચાના અનુસંધાને મુદદા નં. ૧,૨ અને ૫ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે અને મુદદા નં. ૩ નો જવાબ અંશતઃ હકારમાં ઠરાવવામાં આવે છે અને મુદદા નં. ૪ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છેઅને મુદદા નં ૬ અનુસંધાને નીચે મુજબનો આખરી હુકમ પસાર કરવામાં આવે છે :

## <u>આખરી હુકમ :</u>

(૧.) આથી, વાદીનો હાલનો દાવો "અંશતઃ મંજુર" કરવામાં આવે છે.

(૨.) પ્રતિવાદીને આથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ **રૂ.૨,૫૧,૬૮૩.૬૦/-પૈસા** (અંકે બે લાખ એકાવન હજાર છસો ત્યાસી રૂપિયા અને સહેઠ પૈસા પૂરા) દાવો દાખલ કર્યાની તારીખથી વાર્ષિક ૬% વ્યાજ સાથેની થતી રકમ વાદીને ચૂકવવી.

(૩.) આ કામે દાવાની હકીકત લક્ષમાં લેતાં, પ્રતિવાદીએ પોતાને થયેલ દાવાનો ખર્ચ પોતે ભોગવવો તેમજ વાદિને થયેલ દાવાનો ખર્ચ પણ પ્રતિવાદીએ ભોગવવાનો રહેશે.

(૪.) ઉપરોક્ત હુકમ મુજબનું હુકમનામુ દોરવું.

હુકમ આજ તા. ૦૫, માહે-મે સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૫/૦૫/૨૦૨૬

ખંભાળીયા.

(ધ્રુવરાજસિંહ ભૂપેન્દ્રસિંહ ચૌહાન)

એડિશનલ સિવિલ જજ,

ખંભાળિયા, જી.દેવભુમિ દ્વારકા

( Judge Code: GJ01732 )